અપીલઅરજી નં.૨૦૨૦૧૦૦૦૦૦૩
તા.૨૩ /૦૭/૨૦૨૦

અરજદાર :– શ્રી સજીવ ઈઝાવા
સામાવાળા :–૧. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પીટલ)
૨. અનુમાનિત PIO અને સીની. આર.એમ.ઓ. (સ્મીમેર હોસ્પીટલ)
૩. અનુમાનિત PIO અનેHOD બ્લડ બેન્ક (સ્મીમેર હોસ્પિટલ)
૪. અનુમાનિત PIO અનેHOD મેડિસીન (સ્મીમેર હોસ્પિટલ)

ફરીયાદીની હકીકત :–

**વિષય :**– 'અરજદાર શ્રી સંજય ઈઝાવાની તા.૦૬/૦૭/૨૦૨૦ની આર.ટી.આઈ. અરજી અન્વયે અધુરી માહિતી મળતા તા.૨૩/૦૭/૨૦૨૦ના રોજ દાખલ કરેલ આર.ટી.આઈ.ની કલમ ૧૯ હેઠળની પ્રથમ અપીલ.'

**સંદર્ભ :** (૧) અરજદારની તા.૨૩/૦૭/૨૦૨૦ના રોજની પ્રથમ અપીલ.
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર હોસ્પિટલ) દ્વારા રજુ થયેલ તા. ૧૭/૦૮/૨૦૨૦ ના રોજનો પ્રથમ અપીલ અંગે પૂર્તતા અહેવાલ.
(૩) અનુમાનિત જાહેર માહિતી અધિકારી અને સીની.આર.એમ.ઓ. (સ્મીમેર હોસ્પિટલ) તરીકે પ્રથમ અપીલ અંગે રજુ થયેલ પૂર્તતા અહેવાલ તા.૧૭/૦૮/૨૦૨૦.
(૪) અનુમાનિત જાહેર માહિતી અધિકારી અને એચ.ઓ.ડી. બ્લડ બેન્ક (સ્મીમેર હોસ્પિટલ) તરીકે પ્રથમ અપીલ અંગે રજુ થયેલ પૂર્તતા અહેવાલ તા.૦૭ /૦૮/૨૦૨૦
(૫) અનુમાનિત જાહેર માહિતી અધિકારી અને એચ.ઓ.ડી. મેડીસીન (સ્મીમેર હોસ્પિટલ) તરીકે પ્રથમ અપીલ અંગે રજુ થયેલ પૂર્તતા અહેવાલ તા. ૧૭/૦૮/૨૦૨૦

અરજદાર શ્રી સજીવ ઈઝાવા દ્વારા તા.૨૩/૦૭/૨૦૨૦ના રોજ પ્રથમ અપીલ કરી તેઓની તા.૦૨/૦૭/૨૦૨૦ની મૂળ અરજી બાબતે અધુરી માહિતી મળેલ હોવાનું જણાવી નીચે મુજબની રજુઆત કરી

" તારીખ ૦૨/૦૭/૨૦૨૦ના રોજ મારા દ્વારા કરેલ RTI અરજીના જવાબ રૂપે જા. મા. અધિકારી અને સેકશન ઓફિસરશ્રી , સુરત મહાનગર પાલિકા દ્વારા તારીખ ૧૮/૦૭/૨૦૨૦ના રોજ પાઠવવામાં આવેલ જવાબમાં મુદ્દા નંબર ૪,૫,૬,૭,૮માં આપેલ માહિતી સંતોષકારક નથી. સ્મીમેર હોસ્પિટલ ખાતે સારવાર લેવામાં આવેલ વ્યકિત માહિતી છુપાવીને આ ખાતામાં થયેલ ભ્રષ્ટાચાર બાહર ના આવે તે હેતુસર જા.મા. અધિકારી દ્વારા કામ કરી રહ્યા છે એવું જણાઈ આવે છે. મહાનગર પાલિકા તરફથી ખર્ચો ઉઠાવીને કરી રહેલ આ સારવારમાં કોણે કોણે લાભ મળી છે સારવાર પાછળ શું ખર્ચો કરવામાં આવેલ છે એ તમામ માહિતી જાણવાનું અધિકાર એક એક નાગરિકને છે. જેથી ત્રાહિત વ્યકિત તરીકે દર્શાવી માહિતી છુપાવવાનું પ્રયાસ કરવી એ ગુનો બને છે." તેઓની સદર પ્રથમ અપીલ અનુંસંધાને અત્રેના તા.૦૬/૦૮/૨૦૨૦ના પત્ર નં.૨૫૯૩/૯૪થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર તથા અનુમાનિત જાહેર માહિતી અધિકારી અને એચ.ઓ.ડી. બ્લડ બેન્ક તથા અનુમાનિત જાહેર માહિતી અધિકારી અને સીની.આર.એમ.ઓ.ને પત્ર પાઠવી અરજદારની અપીલ અન્વયે મુદ્દાવાર પૂર્તતા કરવા જણાવેલ સાથે અરજદારને પણ અત્રેના પત્ર નં. ૨૫૯૫, તા. ૦૬/૦૮/૨૦૨૦થી તેઓની અપીલના અનુસંધાને પત્ર પાઠવી પૃચ્છા કરી નીચેની બાબતે પૂરક રજુઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ.

" જાહેર માહિતી અધિકારી દ્વારા આર.ટી.આઈ.ના જે અપવાદ હેઠળ ઈન્કાર કરેલ છે તે વ્યાપક જાહેર હિતમાં ત્રાહિતના હિત કરતા સર્વોપરી છે તેવું પ્રસ્થાપિત કરતા હોય આધાર પુરાવા કે સમર્થન રજુ કરેલ નથી. આર.ટી.આઈ.ના કાયદાની કલમ –૮ હેઠળ વ્યકિતગત માહિતી કે કલમ–૧૧ હેઠળ ત્રાહિતને લગતી માહિતી બાબતે

માંગેલ માહિતી વ્યકિતગત કે ત્રાહિતના હિત કરતા વ્યાપક જાહેર હિતમાં જાહેર કરવા યોગ્ય છે તેવું પ્રસ્થાપિત કરવાનું ઉત્તરદાયિત્વ અરજદારના શીરે છે. જેથી દિન–૩માં તેની વિગતો નીચે સહી કરનારને રજુ કરશો"

જેના અનુસંધાને અરજદારશ્રી સંજય ઈઝાવા દ્વારા તા.૧૦/૦૮/૨૦૨૦ના રોજ સી.સી.સી., સેન્ટ્રલઝોન મારફતે પૂરક રજુઆત કરેલ જે અત્રે તા.૧૩/૦૮/૨૦૨૦ના રોજ મળેલ છે. જે મુજબ તેમણે તેમની અપીલના અનુસંધાનમાં નીચે મુજબની રજુઆત કરેલ .

"૧. સરકાર, સુરત મહાનગર પાલિકા અને મીડિયા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવી રહેલ કોવીડ ૧૯ દર્દીઓની મૃત્યુ આકડામાં ઘણી તફાવત છે. તંત્ર દ્વારા ઓછી અથવા વધારાના આંકડાઓ બતાવી નાણાંકીય ભ્રષ્ટાચાર કરી રહ્યા છે. જેથી મૃતકોની માહિતી આપવા જરૂરી છે.

૨. કોવિડ ૧૯ દર્દીઓની મૃત્યુ થયા પછી સરકાર તરફથી મળવા પાત્ર સહાય તમામ વ્યકિતઓને મળી છે કે તેમા ભ્રષ્ટાચાર થયું છે તે જણાવવા માટે મૃતકોની માહિતી આપવા જરૂરી છે.

૩. કોવીડ ૧૯ અંતર્ગત ઘણા દર્દીઓની મૃત્યુ થયા પછી એમના વારસદારો દ્વારા સરકાર તરફથી મળવા પાત્ર સહાય માટે કચેરીઓમાં ધકકા ખાય છે ત્યાથી કોઈ બરાબર જવાબ નથી મળતા હવે મૃતક દર્દીઓના વારસદારોને પણ ન્યાય અપાવવા માટે મૃતકોની માહિતી આપવા જરૂરી છે.

૪. ઘણા બધા અધિકારીઓ સરકારના સૂચના સાથે કે વગર આંકડાઓ છૂપાવવાનું કાવતરું કરી રહ્યા છે. એ જાણવા માટે તથા યોગ્ય કાર્યવાહી માટે મૃતકોની માહિતી આપવા જરૂરી છે.

૫. સરકારી હોસ્પિટલમાં પણ ઘણા દર્દીઓ સારવાર સમયે પોતાની જોડે થયેલ અન્યાય સામે આવાજ ઉઠાવેલ છે અને સારવાર સમયે એ દર્દીઓના મોત પણ થયેલ છે. આવા કોઈ પણ દર્દી અને વારસદારો સાથે અન્યાય ના થાય તે માટે પણ મૃતકોની માહિતી આપવા જરૂરી છે.

૬. મૃત્યુ પામેલ દર્દીઓના નામે પણ ઘણા ભ્રષ્ટાચારો થાઈ છે એવું માલૂમ પડેલ છે. જેનું સત્ય હકીકત બાહર લાવવા માટે પણ મૃતકોની માહિતી આપવા જરૂરી છે.

ઉપરના તમામ મુદ્દાઓ ધ્યાને લઈને સંદર્ભ(૨)ના અપીલ ધ્યાને લઈને માહિતી મળવાપાત્ર આ કારણો પણ ધ્યાને લઈને મુદ્દા નં.૪ થી ૮ના માહિતી પણ આપવા જા.મા. અધિકારીને હુકમ કરવા વિનંતી છે."

જ્યારે અનુમાનિત જાહેર માહિતી અધિકારી અને એચ.ઓ.ડી. બ્લડ બેન્ક દ્વારા તા.૦૬/૦૮/૨૦૨૦ પત્રથી નીચે મુજબની પૂર્તતા અહેવાલ રજુ કરેલ તથા તેની સાથે તેઓ દ્વારા અરજદારને નહી પૂરી પાડેલ પ્લાઝમાં અંગેની ગાઈડ લાઈન બાબતે તા.૦૪/૦૮/૨૦૨૦, તા.૦૧/૦૭/૨૦૨૦ અને તા.૧૦/૦૭/૨૦૨૦ના ત્રણ કાગળો રજુ કરેલ.

" મુદ્દા નં. ૫ અને ૬

સ્મીમેર હોસ્પિટલ સંચાલિત બ્લડ બેંક ખાતે તા.૦૫/૦૭/૨૦૨૦ના રોજ Covid-19 Convalescent Plasma Bank ચાલુ કરવામાં આવી હતી અને ૨ ડોનરનું Collection લેવામાં આવ્યું હતું તેમજ તા. ૦૬/૦૭/૨૦૨૦ના રોજ બ્લડ બેંક ખાતેથી બે દર્દી માટે Plasma issue થયેલ હતું. બ્લડ બેંક દ્વારા ફકત Convalescent Plasmaનું ડોનેશન લેવામાં તેમજ મેડીસીન વિભાગના ડોકટરની રજુઆત પ્રમાણે ઈસ્યુ કરવામાં આવે છે. જેથી દર્દીઓની સંખ્યા, નામ અને ઉમરની ચોકકસ માહિતી મેડીસીન વિભાગ ખાતેથી મેળવવા જોગ છે.

મુદ્દા નં. ૭ અને ૮

Convalescent Plasma થેરાપી દ્વારા સારવાર કરવા માટેના તમામ પરીપત્રો/માહિતી Mo HFW, MCI, ICMR, DGHS, NBTCની વેબ સાઈટ પર ઉપલબ્ધ છે. ઉપરાંત મેડીસીન વિભાગમાંથી મળી શકશે. બ્લડ બેંક દ્વારા પ્લાઝમા કેવી રીતે બનાવવામાં આવે છે, કયા ડોનરમાંથી લઈ શકાય, કેવી રીતે લઈ શકાય એ જ

માહિતી મળી શકે છે. અને સારવાર કરવા માટેની માર્ગદર્શીકા હોસ્પીટલ દ્વારા બનતી હોય છે. જે તે વિભાગ (મેડીસીન) માંથી મળી શકશે."

જેના અનુસંધાને અનુમાનિત જાહેર માહિતી અધિકારી અને એચ.ઓ.ડી. મેડિસીન દ્વારા તેઓના તા.૧૬/૦૮/૨૦૨૦ના પત્રથી જુલાઈ ૨૦૨૦ માટે ૧૫૯ પેશન્ટના બ્લડ ટ્રાન્સફયુઝનની સંખ્યા જણાવેલ અને સાથે જણાવેલ કે, પ્લાઝમા દાતાની નામ, ઉંમર વગેરેની વિગતો આ અંગેના SOP ધ્યાને લઈ જાહેર કરી શકાય તેમ નથી જે અંગે તેની સંમતિ પત્ર સહિતની ત્રણ પાનાની નકલો રજુ કરેલ છે. તે જ રીતે અનુમાનિત જાહેર માહિતી અધિકારી અને સીની.આર.એમ.ઓ. દ્વારા તા.૧૭/૦૮/૨૦૨૦ના પત્રથી પૂર્તતા અહેવાલ રજુ કરી નીચે મુજબ જણાવેલ.

" ઓરિસ્સા હાઈકોર્ટના તા. ૨૮/૦૫/૨૦૨૦ના ચૂકાદામાં જણાવ્યા મુજબ કરોના સારવાર હેઠળ હતા અને મૃત્યુ થયેલ દર્દીઓના નામ અને ઉંમરની માહિતી આપી શકાય નહી. દર્દીની માહિતી અન્ય ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી."

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર દ્વારા તેઓના તા.૧૭/૦૮/૨૦૨૦ના પત્રથી પ્રથમ અપીલ અધિકારી અંગે મુદ્દાવાર નીચે મુજબ પૂર્તતા અહેવાલ રજુ કરેલ.

" ઉપરોકત અપીલના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને સીની.આર.એમ.ઓ., અનુમાનિત જાહેર માહિતી અધિકારી અને એચ.ઓ.ડી. (બ્લડ બેન્ક) તથા અનુમાનિત  જાહેર માહિતી અધિકારી અને મેડીસીન વિભાગ પાસે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ છે. જે આ સાથે સામેલ છે."

વધુમાં તેમણે જણાવેલ છે કે, અરજદારને તા. ૧૮/૦૭/૨૦૨૦ના રોજ માહિતી આપતો પ્રત્યુત્તર પાઠવેલ તેમાં મુદ્દા નં.૭ અંગે જણાવેલ કે " Convalescent Plasma Bank ચાલુ કરવામાં થેરાપી દ્વારા સારવાર કરવા માટેના તમામ પરીપત્રો/માહિતી Mo HFW, MCI, ICMR, DGHS, NBTCની વેબ સાઈટ પર ઉપલબ્ધ છે." તેમ છતાં અરજદાર દ્વારા વેબસાઈટ પરથી મેળવી લેવાને બદલે માહિતી મળેલ નથી તેવી ખોટી રજુઆત કરેલ છે. વાસ્તવમાં વેબસાઈટમાં મૂકેલ માહિતી જાહેર સ્ત્રોત તરીકે ગણાય તેથી નહિ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અપીલકર્તા અરજદાર તથા પ્રતિપક્ષકાર જાહેર માહિતી અધિકારી અને અનુમાનિત જાહેર માહિતી અધિકારીઓની રજુઆત ધ્યાને લેતા વિશ્લેષણ કરતા અરજદારની મુદ્દાવાર માહિતી માંગણી પૈકી મુદ્દા નં.૧ થી ૩ની માહિતી જાહેર માહિતી અધિકારીના તા. ૧૮/૦૭/૨૦૨૦ના પત્રથી દફતરી વિગતે પૂરી પાડેલ છે. તે અંગે કોઈ તકરાર નથી અને અરજદાર દ્વારા તેમની પ્રથમ અપીલમાં મુદ્દા નં.૧ થી ૩ બાબતે કોઈ વિવાદ દર્શાવેલ નથી. અરજદારે પ્રથમ અપીલમાં મુદ્દા નં. ૪ થી ૮ અંગે અસંતોષ વ્યકત કર્યો છે. જે મુદ્દા પ્રમાણે જોવામાં આવે તો મુદ્દા નં. ૪ કોરોના હેઠળ મૃત્યુ પામેલ તથા સારવાર હેઠળના દર્દીઓના નામ અને ઉંમરની માહિતી માંગેલ છે. મુદ્દા નં. ૫માં પ્લાઝમા થેરાપી દ્વારા સારવાર કરેલ દર્દીઓની સંખ્યાની માહિતી માંગેલ છે. જે જાહેર માહિતી અધિકારી દ્વારા " ૨(બે)" સંખ્યા હોવાનું જણાવેલ છે. જ્યારે મુદ્દા નં. ૬ માં પ્લાઝમા થેરાપી સારવારના દર્દીઓના નામ અને ઉંમર માંગેલ છે. આમ, મુદ્દા નં. ૪ અને ૬ ની માહિતી જાહેર માહિતી અધિકારી દ્વારા દર્દીઓને અંગત અને ત્રાહિત ને લગતી હોઈ જાહેર કરવા ઈન્કાર કરેલ. મુદ્દા નં. ૭ અંગે વેબસાઈટ પરથી મેળવી લેવા જણાવેલ છે. આમ, મુદ્દા નં. ૧ થી ૩ ઉપરાંત મુદ્દા નં. ૫ની માહિતી પણ અરજદારને સંખ્યામાં આપેલ છે. મુદ્દા નં. ૭ વેબસાઈટ પરથી મેળવી લેવા જણાવેલ છે. તેથી જાહેર માહિતી અધિકારી દ્વારા ઈન્કાર કરેલ માહિતીના મુદ્દા નં ૪ , ૬ અને ૮ ત્રણ જ બને છે. તેમાં પણ જાહેર માહિતી અધિકારી અને અનુમાનિત જાહેર માહિતી અધિકારી દ્વારા પ્રથમ અપીલ તબકકે પૂરક રજુઆતમાં કોવિડ ૧૯ હેઠળના દર્દીઓની કોઈ પણ માહિતી જાહેર નહિ કરવા બાબતે ઓરિસ્સા હાઈકોર્ટમાં  દાખલ થયેલ રીટ પીટીશન PIL No 12430/2020 નો  ચૂકાદો ટાંકી આવી માહિતી જાહેર કરવા ઉચ્ચ અદાલતે મનાઈ કરવાનું ફરમાવેલ છે તેમ જણાવી તા. ૧૬/૦૭/૨૦૨૦ નું જજમેન્ટ રજુ કરેલ છે. જે મુજબ નામદાર ઉચ્ચ અદાલત

દ્વારા માહિતી જાહેર કરવાનો ઈન્કાર કરતો આદેશ કરેલ છે અને વ્યકિતની ગોપનિયતાનો મૂળભૂત અધિકાર બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ રક્ષિત થયેલ હોવાનું જણાવેલ છે. જેથી મુદ્દા નં. ૪ અને ૬ની માહિતીનો ઈન્કાર જાહેર માહિતી અધિકારી દ્વારા યોગ્ય રીતે કરેલ છે તેથી માહિતી ઈન્કારનો માત્ર એક જ મુદ્દાનો કેસ બને છે તે છે મુદ્દા નં. ૮.

## તારણ

જાહેર માહિતી અધિકારી દ્વારા આપેલ પ્રત્યુત્તર અને અપીલ તબકકે રજુ થયેલ પક્ષકારોની રજુઆત ધ્યાને લેતા મુદ્દા નં.૧ થી ૩ અને ૫ની માહિતી સંતોષકારક રીતે નિર્વિવાદપણે આપેલ છે. મુદ્દા નં.૪ અને ૬ અંગે વિશ્લેષણમાં નિર્દિષ્ટ વિગતે પ્રતિ પક્ષકાર દ્વારા કરેલ ઈન્કાર દર્દીઓના બંધારણીય અધિકાર ધ્યાને લેતા યોગ્ય છે. મુદ્દા નં.૭ વેબસાઈટ પરથી મેળવી લેવા જણાવેલ છે. તેથી ઈન્કારનો કેસ બનતો નથી. મુદ્દા નં.૮ અંગે જાહેર માહિતી અધિકારી અને અનુમાનિત જાહેર માહિતી અધિકારી દ્વારા અપીલ તબકકે એસ.ઓ.પી. સહિત ત્રણ નકલ રજુ કરેલ છે. અને તે અરજદારને આપવા તૈયારી દર્શાવેલ છે.

## હુકમ

મુદ્દા નં.૧ થી ૩ અને ૫ની માહિતી શંકા રહિતપણે દફતરી વિગતે પૂરી પાડેલ છે. તેથી તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. મુદ્દા નં.૭ વેબસાઈટ પરથી મેળવી લેવા યથાર્થ રીતે પ્રથમ તબકકે જણાવેલ છે. તેમ છતાં અપીલ દ્વારા જાહેર સ્ત્રોત હેઠળની માહિતી ઈ.ગવનન્સ અને ડીઝીટલ સ્વરૂપે પ્રાપ્ય માહિતી મેળવી લેવાને બદલે બિન જરૂરી તકરાર ઉપસ્થિત કરેલ છે. તેમ છતાં અરજદાર જો પી.આઈ.ઓ. કક્ષાએથી નકલ મેળવતા ઈચ્છુક હોય તો ત્રણ નકલના રૂા.૬/– ભરી જાહેર માહિતી અધિકારી સમક્ષ ફી ભર્યાની પાવતી રજુ કરી દિન–૭માં મેળવી લેવા સ્વતંત્ર છે. એ પણ સૂચક છે કે બંધારણના અનુચ્છેદ ૫૧ (A) હેઠળ પ્રત્યેક નાગરિકની ફરજ છે કે જાહેર સંપત્તિનું જતન કરવું તે ધ્યાને રાખતા અરજદાર મુદ્દા ૬ અંગે નિર્દિષ્ટ ફી ભરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. અરજદાર કોઈ રીતે એ પ્રસ્થાપિત કરી શકયા નથી કે તેઓ કોવિડ સારવાર મેળવેલ દર્દી,પ્લાઝમા ડોનર કે તેમના કાયદેસરના વારસદાર છે. જેઓ આ માહિતી મેળવવા કાનૂની રીતે હકદાર બની શકે. એ પણ ઉલ્લેખનીય છે કે ભારતના બંધારણ ના આમુખ અન્વયે પ્રત્યેક નાગરિક તમામ ભારતીયો પ્રત્યે ભાતૃભાવ રાખી નાગરિકોના સ્વમાનભેર જીવન જીવવાના અધિકારનો આદર કરવા સંકલ્પબદ્ધ છે તેવી ભાવના મૂર્તિમંત થયેલ છે છતાં અરજદાર આમુખની ભાવનાથી વિપરીત નાગરિકોના ગોપનીયતાના બંધારણીય અધિકાર પર તરાપ મારી ખાનગી માહિતી મેળવવા દૂરાગ્રહી થયેલ છે.

મુદ્દા નં.૪ અને ૬ નો ઇન્કાર નામદાર ઓરિસ્સા ઉચ્ચ અદાલતનું જજમેન્ટ અને નાગરીકોના અનુચ્છેદ ૨૧ હેઠળના રાઈટ ટુ પ્રાઈવેસી અને જીવન જીવવાનો અધિકાર ધ્યાને લેતા ઈન્કાર યોગ્ય રીતે કરેલ હોય વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

મુદ્દા નં.૮ અંગે પ્રથમ તબકકે જાહેર માહિતી અધિકારી દ્વારા કરેલ ઈન્કાર જાહેર સ્ત્રોત હેઠળની માહિતી બાબતે ઉચિત્ત ન હોય મુદ્દા નં.૮ની ત્રણ નકલની માહિતી અરજદારને દિન–૭માં વિના મૂલ્યે પૂરી પાડવા જાહેર માહિતી અને સેકશન ઓફિસરને હુકમ કરવામાં આવે છે અને અપીલનો આખરી નિકાલ કરવામાં આવે છે.

અરજદારને સદરહુ હુકમથી નારાજગી હોય તો, આરટીઆઈ કાયદાની કલમ –૧૯(૩) હેઠળ દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશનર, ગુજરાત રાજય માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરી ઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(એચ.એસ.ભાવસાર)
અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર
સ્મીમેર હોસ્પીટલ
સુરત મહાનગરપાલિક

નં.સ્મીમેર/આઉટ/
તા.    /૦૮/૨૦૨૦

અપીલ અરજી નં.૨૦૨૦૩૦૦૦૧૬૭
તા.૦૬/૦૮/૨૦૨૦

અરજદાર :– શ્રી રમેશ કે.જાંગીડ

સામાવાળા :–જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પીટલ)

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :** આર.ટી.આઈ. એકટ હેઠળ કોમ્પ્યુટર આઈ.ડી.નં.(૩૦૦/૪૩૪૧૮), આઈ.ડી.નં.૧૯૩ શ્રી રમેશ જાંગીડ તા.૨૯/૦૬/૨૦૨૦ ની માહિતી માંગતી અરજી બાબતે પ્રથમ અપીલ.

**સંદર્ભ :** (૧) પ્રથમ અપીલ સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૨૯૫૯, તા.૧૦/૦૮/૨૦૨૦ અપીલ આઈ.ડી. નં.૨૦૨૦૩૦૦૦૧૬૭, તા.૦૬/૦૮/૨૦૨૦

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, સ્મીમેર પ્રતિ એકઝી.આસી. અને જા.મા.અધિકારી નાગરીક સુવિધા કેન્દ્ર મુગલીસરા મારફત તબદીલ પત્ર ક્રમાંક નં.સ્મીમેર/હોસ્પિ./આઉટ/૧૮૮૨, તા.૦૧/૦૭/૨૦૨૦

(૩) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ નો અરજદારને રૂપીયા ભરવા પાઠવેલ પત્ર નં. સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૨૫૯૧, તા.૦૬/૦૮/૨૦૨૦

અરજદાર શ્રી રમેશ કે. જાંગીડ તરફથી જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની માહિતી માંગતી અરજી એકઝી.આસી. અને જા.મા.અધિકારી નાગરીક સુવિધા કેન્દ્ર મુગલીસરા સુરત મહાનગરપાલિકાતરફથી સ્મીમેર હોસ્પીટલને તબદીલ કરતાં અત્રે સ્મીમેર/હોસ્પી/ઈન./નં.૧૮૮૨, તા.૦૧/૦૭/૨૦ થી જાહેર માહિતી અધિકારીને મળેલ. સદર અરજીમાં માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ દ્વારા ૬(છ) પાનાનાં રૂપિયા ૧૨/– ભરવા પત્ર નં. સ્મીમેર/હોસ્પિ./આઉટ/૨૫૯૧, તા.૦૬/૦૮/૨૦૨૦ થી અરજદારને પત્ર પાઠવવામાં આવેલ.

ત્યારબાદ અરજદારશ્રી ધ્વારા નિયત સમય મર્યાદામાં કે બાદમાં જાહેર માહીતી અધિકારી દ્વારા કોઈ માહીતી કે પત્ર પાઠવવામાં આવ્યો ન હોવાથી નિયમ અનુસાર વિનામુલ્યે માહીતી મેળવવા અપીલ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલને અપીલ તબકકેની પુર્તતા રજુ કરવા જણાવવામાં આવેલ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ દ્વારા આર.એમ.ઓ. પ્રોકયોરમેન્ટ સેલ પ્રતિ સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૨૮૧૩, તા.૧૩/૦૮/૨૦૨૦ ના પત્ર થી આધાર પુરાવા સહીત ખુલાસો રજુ કરવા જણાવવામાં આવેલ જેના અનુસંધાનમાં આર.એમ.ઓ.એ તા.૧૪/૦૮/૨૦૨૦ના રીપોર્ટમાં જણાવ્યા મુજબ કોવિડ–૧૯ મહામારીને કારણે હોસ્પિટલની કામગીરીમાં વધારો થયેલ હોય તેમજ આપત્તિ વ્યવસ્થાપન કાયદો એપેડેમીક ડિસીસ કન્ટ્રોલ એકટ લાગુ હોય. અત્રેના લાગત વિભાગની પ્રથમ અગ્રતા કોવિડ આઈસોલેસન અને કોવિડ ડેડીકેટેડ હોસ્પિટલ પેશન્ટ સારવાર માટે અગત્યની અને અનિવાર્ય તેવી પ્રોકયોરમેન્ટની કામગીરીમાં જાહેર રજા પણ ભોગવ્યા વિના વ્યસ્ત હોવાને કારણે વિલંબથી નાણાં ભરી માહિતી મેળવી લેવા અરજદારને જણાવીએ તેવો પ્રત્યુત્તર રજુ કરેલ.

અરજદારને અત્રેના પત્ર નં.સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૨૮૨૧, તા.૧૪/૦૮/૨૦૨૦થી સૂચિત કરવામાં આવેલ કે કોવિડ–૧૯ મહામારીને કારણે હોસ્પિટલની કામગીરીમાં વધારો થયેલ હોય તેમજ આપત્તિ વ્યવસ્થાપન કાયદો એપેડેમીક ડિસીસ કન્ટ્રોલ એકટ લાગુ હોય. અત્રેના લાગત વિભાગની પ્રથમ અગ્રતા કોવિડ આઈસોલેસન અને કોવિડ ડેડીકેટેડ હોસ્પિટલ પેશન્ટ  સારવાર માટે અગત્યની અને અનિવાર્ય તેવી પ્રોકયોરમેન્ટની કામગીરીમાં જાહેર રજા પણ ભોગવ્યા વિના વ્યસ્ત હોવાને કારણે તમોને  વિલંબથી નાણાં ભરી માહિતી મેળવી લેવા જાહેર માહિતી અધિકારી દ્વારા જણાવવામાં આવેલ.

આપત્તિ વ્યવસ્થાપનના સમયગાળા દરમ્યાન એક નાગરીક તરીકે ભારતના બંધારણના અનુચ્છેદ ૫૧ (એ) હેઠળ જાહેર સંપત્તિનું જતન કરવાનું અને બંધારણના આમુખ પ્રમાણે ભારતના તમામ નાગરીકો સ્વમાનભેર જીવન જીવી શકે તેવી ઉમદા ભાવના સાથે બંધુત્વની ભાવના ચરીતાર્થ કરવાનું ઉત્તરદાયિત્વ દરેક નાગરીકના શિરે છે. આ સંજોગોમાં જાહેર માહિતી અધિકારીના પત્ર અનુસાર તમોએ અરજદારે ફકત ફી ભરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? અને જો તેમ ન કરેલ હોય તો હકીકતના ઉપલક્ષમાં નાણાં ભરી માહિતી મેળવી લેવા અરજદારને અનુરોધ કરવામાં આવેલ.  જો તે મેળવ્યા બાદ કોઈ નારાજગી હોય તો કલમ ૧૯ (૧) હેઠળની પ્રથમ અપીલના નારાજગીના મુદ્દા સાથે અરજદારને સમર્થનના આધાર પુરાવા રજુ કરવા જણાવેલ.

ઉપરોકત બાબતે તમોને રૂપીયા ૧૨(બાર) ભરી નકલ મેળવી લેવા સ્મીમેર/હોસ્પિ/આઉટ/નં.૨૮૨૧, તા.૧૪/૦૮/૨૦૨૦ ના રોજ પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાનમાં તમો અરજદાર દ્વારા તા.૨૧/૦૮/૨૦૨૦ ના રોજ રૂપીયા ૧૨(બાર) રસીદ નં.૩૦૦/૧૧૮ નાગરીક સુવિધા કેન્દ્ર મુગલીસરા ખાતે ભરવામાં આવેલ અને જાહેર માહીતી અધિકારી દ્વારા તમોને સ્મીમેર/હોસ્પિ/આઉટ/નં.૩૨૫૩, તા. ૨૬/૦૮/૨૦૨૦ થી રૂબરૂ માહીતી પુરી પાડવામાં આવેલ છે.

## હુકમ

અરજદાર એ ૬(છ) પાનાનાં રૂપીયા ૨/– લેખે રૂપીયા ૧૨(બાર) તા.૨૧/૦૮/૨૦૨૦ના રોજ રસીદ નં. ૩૦૦/૧૧૮ થી ભરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલ દ્વારા સ્મીમેર/હોસ્પિ/આઉટ/નં.૩૨૫૩, તા. ૨૬/૦૮/૨૦૨૦ના રોજ રૂબરૂ માહીતી પુરી પાડેલ છે. જેથી હોસ્પિટલ ખાતેની પ્રથમ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમથી નારાજગીના કિસ્સામાં અરજદાર દિન–૯૦ (નેવું) માં માહિતી આયોગ, ગુજરાત રાજય ગાંધીનગરને બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(એચ. એસ. ભાવસાર)

નં.સ્મીમેર/હોસ્પિ./આઉટ/ — અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર

તા.     /૦૮/૨૦૨૦ — સ્મીમેર હોસ્પીટલ

સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.૨૦૨૦૩૦૦૦૧૬૬

તા.૦૬/૦૮/૨૦૨૦

અરજદાર :– શ્રી રમેશ કે.જાંગીડ
સામાવાળા :–જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પીટલ)

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :** આર.ટી.આઈ. એકટ હેઠળ કોમ્પ્યુટર આઈ.ડી.નં.(૩૦૦/૪૩૪૧૯), આઈ.ડી.નં.૧૯૪ શ્રી રમેશ જાંગીડ તા.૨૯/૦૬/૨૦૨૦ ની માહિતી માંગતી અરજી બાબતે પ્રથમ અપીલ.

**સંદર્ભ :**
(૧) પ્રથમ અપીલ સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૨૯૫૮, તા.૧૦/૦૮/૨૦૨૦ અપીલ આઈ.ડી. નં.૨૦૨૦૩૦૦૦૧૬૬, તા.૦૬/૦૮/૨૦૨૦

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, સ્મીમેર પ્રતિ એકઝી.આસી. અને જા.મા.અધિકારી નાગરીક સુવિધા કેન્દ્ર મુગલીસરા મારફત તબદીલ પત્ર ક્રમાંક નં.સ્મીમેર/હોસ્પિ./ઈન/૧૮૮૧, તા.૦૧/૦૭/૨૦૨૦

(૩) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ નો અરજદારને રૂપીયા ભરવા પાઠવેલ પત્ર નં. સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૨૨૧૧, તા.૨૪/૦૭/૨૦૨૦

(૪) કચેરી પ્યુનબુક પાના નં.૫૨ તા.૨૮/૦૭/૨૦૨૦ની ફ્રેન્કીંગ કલાર્ક દ્વારા ટપાલ મળ્યાની પહોંચ

અરજદાર શ્રી રમેશ કે. જાંગીડ તરફથી જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની માહિતી માંગતી અરજી એકઝી.આસી. અને જા.મા.અધિકારી નાગરીક સુવિધા કેન્દ્ર મુગલીસરા સુરત મહાનગરપાલિકાતરફથી સ્મીમેર હોસ્પીટલને તબદીલ કરતાં અત્રે સ્મીમેર/હોસ્પી/ઈન./નં.૧૮૮૧, તા.૦૧/૦૭/૨૦ થી જાહેર માહિતી અધિકારીને મળેલ. સદર અરજીમાં માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ દ્વારા ૯૨(બાણું) પાનાનાં રૂપિયા ૧૮૪/– ભરવા પત્ર નં. સ્મીમેર/હોસ્પિ./આઉટ/૨૨૧૧, તા.૨૪/૦૭/૨૦૨૦ થી અરજદારને પત્ર પાઠવવામાં આવેલ.

ત્યારબાદ અરજદારશ્રી ધ્વારા નિયત સમય મર્યાદામાં કે બાદમાં જાહેર માહીતી અધિકારી દ્વારા કોઈ માહીતી કે પત્ર પાઠવવામાં આવ્યો ન હોવાથી નિયમ અનુસાર વિનામુલ્યે માહીતી મેળવવા અપીલ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલને અપીલ તબકકેની પુર્તતા રજુ કરવા જણાવવામાં આવેલ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ દ્વારા અરજદારની તા.૨૯/૦૬/૨૦૨૦ અરજીની માહિતી અંગે અત્રેના પત્ર નં.સ્મીમેર/હોસ્પિ./આઉટ/૨૨૧૧, તા.૨૪/૦૭/૨૦૨૦ તથા યાદપત્ર નં. નં.સ્મીમેર/હોસ્પિ./આઉટ/૨૬૮૩, તા.૧૦/૦૮/૨૦૨૦થી કુલ–૯૨ પાનાના રૂા.૨ લેખે રૂા.૧૮૪/– ભરવા સમય મર્યાદામાં પાઠવવામાં આવેલ છે. તેમ છતાં અરજદારશ્રીને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર સામે જાહેર માહીતી અધિકારી દ્વારા નિયત સમય મર્યાદામાં કે બાદમાં જાહેર માહિતી અધિકારી દ્વારા કોઈ માહિતી કે પત્ર પાઠવવામાં આવ્યો ન હોવાથી વિના મુલ્યે માહિતી મેળવવા અપીલ કરેલ છે.

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરના પત્ર નં.સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૩૦૬૪, તા.૨૦/૦૮/૨૦૨૦ પત્રમાં જણાવ્યા મુજબ અરજદારને જે પત્ર પાઠવવામાં આવેલ જે મધ્યસ્થ કચેરીના ફ્રેન્કીંગ વિભાગ દ્વારા સદર ટપાલ તા.૨૮/૦૭/૨૦૨૦ના રોજ મેળવી તા.૨૯/૦૭/૨૦૨૦ના રોજ પોષ્ટ ઓફિસ મારફત રવાના કરવામાં આવેલ. હાલની કોવિડ–૧૯ મહામારીના કારણે કામગીરીમાં ઉત્તરોત્તર વધારો થયેલ છે. આપત્તિ વ્યવસ્થાપન કાયદો એપેડેમીક ડિસીસ કન્ટ્રોલ એકટ લાગુ છે.

આપત્તિ વ્યવસ્થાપનના સમયગાળા દરમ્યાન એક નાગરીક તરીકે ભારતના બંધારણના અનુચ્છેદ ૫૧ (એ) હેઠળ જાહેર સંપત્તિનું જતન કરવાનું અને બંધારણના આમુખ પ્રમાણે ભારતના તમામ નાગરીકો ગૌરવભેર જીવન જીવી શકે તેવી ઉમદા ભાવના સાથે બંધુત્વની ભાવના ચરીતાર્થ કરવાનું ઉત્તરદાયિત્વ દરેક નાગરીકના શિરે છે. આ સંજોગોમાં  અરજદારે ફકત ફી ભરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? અને જો તેમ ન કરેલ હોય તો હકીકતના ઉપલક્ષમાં નાણાં ભરી માહિતી મેળવી લેવા અરજદારને અનુરોધ કરવા જણાવેલ. જો તે મેળવ્યા બાદ કોઈ નારાજગી હોય તો કલમ ૧૯ (૧) હેઠળની પ્રથમ અપીલના નારાજગીના મુદ્દા સાથે અરજદારને સમર્થનના આધાર પુરાવા રજુ કરવા જણાવેલ તથા સાથે સાથે જાહેર માહિતી અધિકારીએ ફી ભરવા અંગેના અનુસંધાને અરજદારને રૂપીયા ૧૮૪(એક સો ચોર્યાસી) ભરી નકલ મેળવી લેવા સ્મીમેર/હોસ્પિ/આઉટ/નં.૩૦૬૫, તા.૨૦/૦૮/૨૦૨૦ ના રોજ અપીલ તબકકે પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાનમાં અરજદાર દ્વારા આજદીન સુધી ફી ભરી નકલ મેળવેલ નથી. આ અગાઉ  અરજદારે અગાઉની અપીલમાં  સરખા કિસ્સામાં અને સરખી પરિસ્થિતિમાં તા.૨૧/૦૮/૨૦૨૦ ના રોજ રૂપીયા ૧૨(બાર) રસીદ નં.૩૦૦/૧૧૮ નાગરીક સુવિધા કેન્દ્ર મુગલીસરા ખાતે ભરવામાં આવેલ અને જાહેર માહીતી અધિકારી દ્વારા અરજદારને સ્મીમેર/હોસ્પિ/આઉટ/નં.૩૨૫૩, તા. ૨૬/૦૮/૨૦૨૦ થી રૂબરૂ માહીતી પુરી પાડવામાં આવેલ છે.

## તારણ

અરજદારની પ્રથમ અપીલમાં રજુ થયેલા દસ્તાવેજો તથા બંને પક્ષના પુર્તતા અહેવાલોનું પુથ્થકરણ કરતા જાહેર માહિતી અધિકારી દ્વારા તેમને અરજી મળ્યા તારીખથી ૨૪માં દિવસે તથા સુરત મહાનગરપાલિકાના જાહેર સત્તા મંડળના ૨૬માં દિવસે દસ્તાવેજ ફી ભરવા પત્ર રવાના કરવા રજીસ્ટ્રીને આપવામાં આવેલ છે. જે ટપાલ અત્રેની મધ્યસ્થ કચેરી દ્વારા તા.૨૮/૦૭/૨૦૨૦ના રોજ સ્વીકારી તા.૨૯/૦૭/૨૦૨૦ના રોજ ફ્રેન્કીંગ પણ કરેલ છે. જે પોષ્ટ મારફત અરજદારને રવાના પણ થયેલ છે. જેનો પુરાવો જાહેર માહિતી અધિકારી દ્વારા  અપીલ તબકકે રજુ કરેલ છે. ઉલ્લેખનીય છે કે કોવિડ–૧૯ની મહામારીના સમયગાળા દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને અનુમાનિત જાહેર માહિતી અધિકારી દ્વારા કોવિડ–૧૯ની આવશ્યક પ્રકારની સેવા દરમ્યાન સમયમર્યાદા જાળવી ફી ભરવા પત્ર પાઠવેલ છે. જે સમયગાળા  દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને  અનુમાનિત જાહેર માહિતી અધિકારીના સ્ટાફ દ્વારા જાહેર રજાઓ ભોગવ્યા વિના સઘળા દિવસો કચેરી ચાલુ રાખેલ છે. તથા કોવિડ–૧૯ના સેવાના અગ્રતાક્રમ વચ્ચે પણ સમય અવધિમાં ફી ભરવાનો પત્ર પાઠવેલ છે. તે નોંધનીય છે. પરંતુ ફ્રેન્કીંગ માધ્યમથી ટપાલ વિભાગને રવાના કરેલ છે. આમ જાહેર માહિતી અધિકારી કક્ષાએ દિન–૩૦ની સમય અવધિ જાળવવાનો પુરતો પ્રયત્ન કોવિડ–૧૯ની પરિસ્થિતિ વચ્ચે પણ થયેલ છે. આ સ્થિતિમાં અરજદારનો અપીલ તબકકે વિના મુલ્યે માહિતી માંગવાનો દાવો ટકી રહેવા પાત્ર નથી.

સૂચક છે કે સુરત મહાનગરપાલિકાના જાહેર સત્તા મંડળ દ્વારા કોવિડ–૧૯ની પરિસ્થિતિમાં જાહેર જનતા પાસેથી હોસ્પિટલ સેવાના સારવારની નિદાનથીમાંથી તા.૩૧/૦૮/૨૦૨૦ સઘી સંપૂર્ણ મુકિત આપેલ છે. અને સ્મીમેર હોસ્પિટલની સેવા ૨૪ x ૭ અવિરત ચાલુ રાખેલ છે. એવા સંજોગોમાં અરજદાર દ્વારા વિના મુલ્યે માહિતી મેળવવા માટે સમર્થન કે આધાર વિના કરેલ દાવો ગ્રાહય રાખવા પાત્ર થતો નથી. વિશેષત : અરજદાર ભારતના બંધારણીય અનુચ્છેદ ૫૧ હેઠળની જાહેર સંપત્તિનું જતન કરવાની ફરજમાં ઉણા ઉતરેલાનું સ્પષ્ટ થાય છે.

## હુકમ

તારણમાં નિર્દિષ્ટ વિગતે જાહેર માહિતી અધિકારી દ્વારા નાણાં ભરવાનો પત્ર સમય અવધિમાં પાઠવેલ હોય અરજદારને   કુલ–૯૨(બાણું) પાનાનાં રૂપીયા ૨/– લેખે રૂપીયા ૧૮૪(એકસો ચોર્યાસી)ભરી તેની રસીદ જાહેર માહિતી અધિકારી સમક્ષ રજુ કરી નકલ મેળવી લેવા જણાવવામાં આવે છે. જેથી હોસ્પિટલ ખાતેની પ્રથમ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે અને અપીલનો આખરી નિકાલ કરવામાં આવે છે.

**આ હુકમથી નારાજગીના કિસ્સામાં અરજદાર દિન–૯૦ (નેવું) માં માહિતી આયોગ, ગુજરાત રાજય ગાંધીનગરને બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.**

**(એચ. એસ. ભાવસાર)**
**અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર**
**સ્મીમેર હોસ્પીટલ**
**સુરત મહાનગરપાલિકા**

**નં.સ્મીમેર/હોસ્પિ./આઉટ/**
**તા. /૦૮/૨૦૨૦**

અપીલ અરજી નં.૪
તા.૨૪/૦૮/૨૦૨૦

અરજદાર :– શ્રી રમેશ કે.જાંગીડ
સામાવાળા :–જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પીટલ)

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :** આર.ટી.આઈ. એકટ હેઠળ કોમ્પ્યુટર આઈ.ડી.નં.(૩૦૦/૪૩૫૫૨), આઈ.ડી.નં.૨૮૧ શ્રી રમેશ જાંગીડ તા.૧૫/૦૭/૨૦૨૦ ની માહિતી માંગતી અરજી બાબતે પ્રથમ અપીલ.

**સંદર્ભ :** (૧) પ્રથમ અપીલ સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૩૩૧૭, તા.૨૬/૦૮/૨૦૨૦ અપીલ આઈ.ડી. નં.૪, તા.૨૪/૦૮/૨૦૨૦

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, સ્મીમેર પ્રતિ ઈ.ચા.પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) અને જા.મા.અધિકારી મુગલીસરા મારફત તબદીલ પત્ર ક્રમાંક નં.સ્મીમેર/હોસ્પિ./ઈન/૨૪૨૦, તા.૧૯/૦૭/૨૦૨૦

(૩) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ નો અરજદારને રૂપીયા ભરવા પાઠવેલ પત્ર નં. સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૩૦૩૦/૧, તા.૧૯/૦૮/૨૦૨૦

(૪) કચેરી પ્યુનબુક પાના નં.૮૮, તા.૨૧/૦૮/૨૦૨૦ની પટાવાળા દ્વારા રૂબરૂ ટપાલ બજાવ્યાની ટપાલ બુક પાનાની ઝેરોક્ષ નકલ

અરજદાર શ્રી રમેશ કે. જાંગીડ તરફથી જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની માહિતી માંગતી અરજી ઈ.ચા.પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) અને જા.મા.અધિકારી મુગલીસરા સુરત મહાનગરપાલિકા તરફથી સ્મીમેર હોસ્પીટલને તબદીલ કરતાં અત્રે સ્મીમેર/હોસ્પી/ઈન./નં.૨૪૨૦, તા.૧૯/૦૭/૨૦ થી જાહેર માહિતી અધિકારીને મળેલ. સદર અરજીમાં માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ દ્વારા ૧૯૨(બાણું) પાનાનાં રૂપિયા ૩૮૪/– ભરવા પત્ર નં. સ્મીમેર/હોસ્પિ./આઉટ/૩૦૩૦/૧, તા.૧૯/૦૮/૨૦૨૦ થી અરજદારને તા.૨૧/૦૮/૨૦૨૦ના રોજ પટાવાળા દ્વારા રૂબરૂ પત્ર પાઠવવામાં આવેલ.

ત્યારબાદ અરજદારશ્રીએ જાહેર માહિતી અધિકારી દ્વારા નિયત સમય મર્યાદા બાદનો તા.૧૯/૦૮/૨૦૨૦નો પત્ર નમુનો ' ખ' અમને રૂબરૂમાં તા.૨૧/૦૮/૨૦૨૦નો રોજ સાંજે સમય ૧૮:૧૦ કલાકે આપ્યો હોવાથી નિયમોનુસાર વિના મુલ્યે માહિતી મેળવવા અપીલ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલને અપીલ તબકકેની પુર્તતા રજુ કરવા જણાવવામાં આવેલ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ દ્વારા અરજદારની તા.૧૫/૦૭/૨૦૨૦ અરજીની માહિતી અંગે અત્રેના પત્ર નં.સ્મીમેર/હોસ્પિ./આઉટ/૩૦૩૦/૧, તા.૧૯/૦૮/૨૦૨૦ નો પત્ર પટાવાળા મારફત તા.૨૧/૦૮/૨૦૨૦ના રોજ રૂબરૂ કુલ–૧૯૨ પાનાના રૂા.૨ લેખે રૂા.૩૮૪/– ભરવા પાઠવવામાં આવેલ છે. તેમ છતાં અરજદારશ્રીએ જાહેર માહિતી અધિકારી દ્વારા નિયત સમય મર્યાદા બાદનો તા.૧૯/૦૮/૨૦૨૦નો પત્ર નમુનો ' ખ' અમને રૂબરૂમાં તા.૨૧/૦૮/૨૦૨૦નો રોજ સાંજે સમય ૧૮:૧૦ કલાકે આપ્યો હોવાથી નિયમોનુસાર વિના મુલ્યે માહિતી મેળવવા અપીલ કરેલ છે.

વધુમાં જણાવવાનું કે, અનુમાનિત જાહેર માહિતી અધિકારી અને સીનીયર આર.એમ.ઓ.શ્રીને અત્રેથી સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૩૫૨૦, તા.૦૨/૦૯/૨૦૨૦ માહિતી આપવામાં વિલંબ થયેલ છે. જે બાબતે પુર્તતા રીપોર્ટ મંગાવવામાં આવેલ. અનુમાનિત જાહેર માહિતી અધિકારી અને સીનીયર આર.એમ.ઓ.શ્રીએ તેમના રીપોર્ટ

સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૩૫૩૦, તા.૦૩/૦૯/૨૦૨૦માં જણાવ્યા મુજબ અરજદારે તા.૧૫/૦૭/૨૦૨૦ના રોજ સેન્ટ્રલ ઓફિસ ખાતે કરેલ અરજી તા.૧૬/૦૭/૨૦૨૦ના પત્રથી અત્રે તા.૧૯/૦૭/૨૦૨૦ના રોજ મળેલ જે અંગે જાહેર માહિતી અધિકારી દ્વારા તા.૧૦/૦૮/૨૦૨૦ના પત્રથી સીની.આર.એમ.ઓ. મારફતે તા.૧૧/૦૮/૨૦૨૦ના રોજ મળેલ જેનો પ્રત્યુત્તર આપવા જોગ માહિતી વિગત સહિત તા.૧૯/૦૮/૨૦૨૦ના રોજ પી.આઈ.ઓ. પ્રતિ રવાના કરવામાં આવેલ અને પી.આઈ.ઓ. દ્વારા તે જ તારીખના પત્રથી અરજદારને નાણાં ભરવા પત્ર પાઠવવામાં આવેલ છે. આમ, સમય અવધિની રીતે પુરી પ્રક્રિયામાં બે દિવસનો વિલંબ થવા પામેલ છે.જે વિલંબ બાબતે સ્પષ્ટતા કરતા જણાવવાનું કે, સ્મીમેર હોસ્પિટલ ખાતે કોવિડ–૧૯નાં દર્દીઓ માટે કોવિડ હેલ્થ સેન્ટર અંદાજીત ૫૪૦ બેડ અને ડેડીકેટેડ કોવિડ હોસ્પિટલ ઉપરાંત નોન કોવિડ દર્દીઓ પણ વધારાના લગભગ ૮૦૦ જેટલા બેડ કાર્યરત હતા. જેમાં જુલાઈમાં પીક સમયના એક માસ દરમ્યાન સરેરાશ ૪૫૦ જેટલા કોવિડ દર્દીઓ અને ૧૪૦ થી ૧૫૦ નોન કોવિડ દર્દીઓ સારવાર લઈ રહેલ હતા. જેના માટે હોસ્પિટલના ૧૨૦૦ જેટલા નિયમિત મહેકમ ઉપરાંત અંદાજિત ૬૫૦ થી ૭૦૦ જેટલા કરારીય અને પ્રતિનિયુકિત ધરાવતા સ્ટાફ કાર્યરત હતો. જેથી હોસ્પિટલના સઘળા વિભાગનું સંપૂર્ણ લક્ષ્ય કોવિડ–નોન કોવિડ સારવાર પ્રત્યે હતું જેમાં પ્રોકયોરમેન્ટ સેલ – સેનીટેશન વિભાગની અગ્રતા પણ કોવિડ સારવાર પરત્વે હોવાનાં કારણે માત્ર બે દિવસનો વિલંબ થવા પામેલ છે. ઉલ્લેખનીય છે કે કોવિડની પરીસ્થિતિમાં સુરત મહાનગરપાલિકા દ્વારા હોસ્પિટલના સઘળા ચાર્જ અને નિદાન ફી માફ કરી દઈ નાગરીકોની વિના મુલ્યે સેવા પુરી પાડેલ છે. પ્રસ્તુત સંજોગોમાં માત્ર બે દિવસના વિલંબ માટે અરજદાર દ્વારા કાયદાકીય જોગવાઈનો હવાલો આપી વિના મુલ્યેની માંગણી નૈતિક રીતે અને નાગરીકોની ફરજ રીતે પણ ઉચિત નથી.

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર મારફત પુર્તતા અહેવાલ મંગાવતા તેઓએ તા.૦૭/૦૯/૨૦૨૦ના રોજ નીચે મુજબ ખુલાસો કરેલ છે. સ્મીમેર હોસ્પિટલ ખાતે કોવિડ–૧૯નાં દર્દીઓ માટે કોવિડ હેલ્થ સેન્ટર અંદાજીત ૫૪૦ બેડ અને ડેડીકેટેડ કોવિડ હોસ્પિટલ ઉપરાંત નોન કોવિડ દર્દીઓ પણ વધારાના લગભગ ૮૦૦ જેટલા બેડ કાર્યરત હતા. જેમાં જુલાઈમાં પીક સમયના એક માસ દરમ્યાન સરેરાશ ૪૫૦ જેટલા કોવિડ દર્દીઓ અને ૧૪૦ થી ૧૫૦ નોન કોવિડ દર્દીઓ સારવાર લઈ રહેલ હતા. જેના માટે હોસ્પિટલના ૧૨૦૦ જેટલા નિયમિત મહેકમ ઉપરાંત અંદાજિત ૬૫૦ થી ૭૦૦ જેટલા કરારીય અને પ્રતિનિયુકિત ધરાવતા સ્ટાફ કાર્યરત હતો. જેથી હોસ્પિટલના સઘળા વિભાગનું સંપૂર્ણ લક્ષ્ય કોવિડ–નોન કોવિડ સારવાર પ્રત્યે હતું જેમાં પ્રોકયોરમેન્ટ સેલ – સેનીટેશન વિભાગ તથા વહીવટી વિભાગની અગ્રતા પણ હતી. વધુમાં જણાવવાનું કે વહીવટી વિભાગમાં ચાર–પાંચ કર્મચારી કોવિડ પોઝીટીવ હતાં તેમજ વહીવટી વિભાગના સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી સ્વયં કોવિડ પોઝીટીવ હોવાના કારણે તા.૨૪/૦૭/૨૦૨૦ થી તા.૧૪/૦૮/૨૦૨૦ સુધી હોમકવોરોન્ટાઈન હતાં જેને કારણે અરજદારને પ્રત્યુત્તર આપવા જોગ પત્ર તા.૧૯/૦૮/૨૦૨૦ ના રોજ પાઠવેલ . આમ સમય અવધિની રીતે પુરી પ્રક્રિયામાં બે દિવસનો વિલંબ થવા પામેલ છે. જે આપશ્રીને વિદિત થાય.

## <u>તારણ</u>

અરજદારની પ્રથમ અપીલમાં રજુ થયેલા દસ્તાવેજો તથા બંને પક્ષના પુર્તતા અહેવાલોનું પુથ્થકરણ કરતા જાહેર માહિતી અધિકારી દ્વારા તેમને અરજી મળ્યા તારીખથી ૩૦માં દિવસે ફી ભરવા પત્ર પાઠવેલ છે. આમ માત્ર બે દિવસનો વિલંબ થવા પામેલ છે. આમ અરજદારને તા.૨૧/૦૮/૨૦૨૦ અત્રેની કચેરી દ્વારા રૂબરૂ પટાવાળા પાઠવવામાં આવેલ છે. જે કચેરી પ્યુનબુક પાના નં.૮૮, તા.૨૧/૦૮/૨૦૨૦ પર અરજદાર દ્વારા પત્ર રૂબરૂ સ્વીકાર્યાની સહી કરવામાં આવેલ છે. જેનો પુરાવો જાહેર માહિતી અધિકારી દ્વારા અપીલ તબકકે રજુ કરેલ છે. ઉલ્લેખનીય છે.

વહીવટી વિભાગમાં ચાર–પાંચ કર્મચારી કોવિડ પોઝીટીવ હતાં તેમજ વહીવટી વિભાગના સેકશન ઓફિસર કોવિડ પોઝીટીવ હોવાના કારણે તા.૨૪/૦૭/૨૦૨૦ થી તા.૧૪/૦૮/૨૦૨૦ સુધી હોમકવોરોન્ટાઈન હતાં જેને કારણે અરજદારને પ્રત્યુત્તર આપવા જોગ પત્ર તા.૧૯/૦૮/૨૦૨૦ ના રોજનો પત્ર તા.૨૧/૦૮/૨૦૨૦ના રોજ પાઠવેલ . આમ સમય અવધિની રીતે પુરી પ્રક્રિયામાં બે દિવસનો વિલંબ થવા પામેલ છે. ઉલ્લેખનીય છે કે કોવિડની પરીસ્થિતિમાં સુરત મહાનગરપાલિકા દ્વારા હોસ્પિટલના સઘળા ચાર્જ અને નિદાન ફી માફ કરી દઈ નાગરીકોની વિના મુલ્યે સેવા પુરી પાડેલ છે. પ્રસ્તુત સંજોગોમાં માત્ર બે દિવસના વિલંબ માટે અરજદાર દ્વારા કાયદાકીય જોગવાઈનો હવાલો આપી વિના મુલ્યેની માંગણી નૈતિક રીતે અને નાગરીકોની ફરજ રીતે પણ ઉચિત નથી.

# હુકમ

તારણમાં નિર્દિષ્ટ વિગતે જાહેર માહિતી અધિકારી દ્વારા નાણાં ભરવાનો પત્ર માત્ર બે દિવસનો વિલંબ થયેલ હોય તથા સ્મીમેરનું જાહેર માહિતી અધિકારી સહિતનું વહીવટી તંત્ર કોરોના આપત્તિ વ્યવસ્થાપનમાં અગ્રતાક્રમે કાર્યરત હોય તથા સ્વયં જાહેર માહિતી અધિકારી કોરોનાગ્રસ્ત હોવાથી તારણમાં નિર્દિષ્ટ છેલ્લા પેરાની વિગતો ધ્યાને લેતા અરજદારને કુલ–૧૯૨( એકસો બાણું) પાનાનાં રૂપીયા ૨/– લેખે રૂપીયા ૩૮૪(ત્રણસો ચોર્યાસી)ભરી તેની રસીદ જાહેર માહિતી અધિકારી સમક્ષ રજુ કરી નકલ મેળવી લેવા જણાવવામાં આવે છે. જેથી હોસ્પિટલ ખાતેની પ્રથમ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, ઉકત હુકમની વિગતે પ્રથમ અપીલનો આખરી નિકાલ કરવામાં આવે છે.

આ હુકમથી નારાજગીના કિસ્સામાં અરજદાર દિન–૯૦ (નેવું) માં માહિતી આયોગ, ગુજરાત રાજય ગાંધીનગરને બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(એચ. એસ. ભાવસાર)
અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર
સ્મીમેર હોસ્પીટલ
સુરત મહાનગરપાલિકા

નં.સ્મીમેર/હોસ્પિ./આઉટ/
તા. /૦૯/૨૦૨૦

અપીલ અરજી નં.૨૦૨૦૫૦૦૦૦૬૦
તા.૧૭/૦૮/૨૦૨૦

અરજદાર :– શ્રી કૃપાશંકર મિશ્રા
સામાવાળા :–૧. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પીટલ)
૨. અનુમાનીત જાહેર માહિતી અધિકારી અને એચ.ઓ.ડી.શ્રી (ફોરેન્સીક વિભાગ)

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :** આર.ટી.આઈ. એકટ હેઠળ કોમ્પ્યુટર આઈ.ડી.નં.(૫૦૦/૧૦૮૨૯), આઈ.ડી.નં.૧૩૬ શ્રી કૃપાશંકર મિશ્રા તા.૨૯/૦૬/૨૦૨૦ ની માહિતી માંગતી અરજી બાબતે પ્રથમ અપીલ.

**સંદર્ભ :** (૧) પ્રથમ અપીલ સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૩૬૬૬, તા.૦૯/૦૯/૨૦૨૦ અપીલ આઈ.ડી. નં. .૨૦૨૦૫૦૦૦૦૬૦, તા.૧૭/૦૮/૨૦૨૦

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, સ્મીમેર પ્રતિ જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક પૂર્વ ઝોન (વરાછા) મારફત તબદીલ પત્ર ક્રમાંક નં.સ્મીમેર/હોસ્પિ./ઈન/૨૦૯૩, તા.૦૮/૦૭/૨૦૨૦

(૩) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ નો અરજદારને પાઠવેલ જવાબ સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૨૦૨૨, તા.૧૮/૦૭/૨૦૨૦

(૪) એચ.ઓ.ડી.શ્રી (ફોરેન્સીક વિભાગ) નો પત્ર અત્રે સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૪૦૨૭, તા.૨૩/૦૯/૨૦૨૦

અરજદાર શ્રી કૃપાશંકર મિશ્રા દ્વારા તા.૧૭/૦૮/૨૦૨૦ના રોજ પ્રથમ અપીલ કરી તેઓની તા.૨૯/૦૬/૨૦૨૦ની મુળ અરજી બાબતે

અરજદારે અરજીમાં જાહેર માહિતી અધિકારી દ્વારા આર.ટી.આઈ. એકટની કલમ ૮ (૧) ઝ મુજબ પોલીસ તપાસ ચાલતી હોવાથી માંગવામાં આવેલ પોસ્ટ મોર્ટમનો રીપોર્ટની માહિતી કલમ ૨ (જ) હેઠળ નિરીક્ષણની સુચના આપેલ નથી. એવી સુચના જેને આપવાથી તપાસમાં ગુનેગારોને પકડવાની પ્રક્રિયામાં અવરોધ આવે એમ નથી. પોસ્ટમોર્ટમ રીપોર્ટ ફકત મૃત્યુના કારણ પર પ્રકાશ ફેંકે છે. માંગવામાં આવેલ માહિતી એપ્રિલ માસની છે, મૃત્યુના કારણોની સુચના, કોઈપણ તપાસ ગુનેગારને પકડવાની પ્રક્રિયામાં અવરોધરૂપ થતી નથી. જેથી વિનમ્ર આગ્રહ છે કે આપ આ વિષયમાં રસ લઈ સુનવણી નકકી કરશો અને સુનવણીની તારીખની જાણ કરશો. એમ જણાવી અરજદારે અપીલ કરેલ છે

તેઓની સદર પ્રથમ અપીલ અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર તથા એચ.ઓ.ડી.શ્રી (ફોરેન્સીક વિભાગ) અને સ્મીમેર/આર.ટી.આઈ/અપીલ/આઉટ/નં.૪૦૬૦ , તા.૨૧/૦૯/૨૦૨૦થી પુર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકાર દ્વારા અરજદારને સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૨૦૨૨, તા.૧૮/૦૭/૨૦૨૦ના રોજ સમય મર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ. અરજદાર અરજીમાં તા.૨૭/૦૪/૨૦૨૦થી તા.૨૯/૦૪/૨૦૨૦ સઘીના પોસ્ટ મોર્ટમ રીપોર્ટની ચકાસણી કરવા માટે સમય તેમજ તારીખ ફાળવવા જણાવેલ. પરંતુ આર.ટી.આઈ.ના કાયદાની કલમ નં.૮ (૧) ઝ મુજબ પોલીસ તપાસ ચાલતી હોવાથી મરનારની વિગત આપી શકાય નહી. તેમજ મરનાર વ્યકિત અંગત માહિતી ત્રાહિત વ્યકિતને આપી શકાય નહી. વધુમાં જણાવવાનું કે, અનુમાનિત જાહેર માહિતી અધિકારી અને એચ.ઓ.ડી.શ્રી (ફોરેન્સીક વિભાગ) પાસે પુર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ છે. જે અત્રે સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૨૨૯૬, તા.૧૫/૦૭/૨૦૨૦થી મળેલ છે જે અપીલના કાગળો સાથે મોકલેલ છે એમ જણાવેલ છે.

એચ.ઓ.ડી.શ્રી (ફોરેન્સીક વિભાગ) ના સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૪૦૨૭ , તા.૨૩/૦૯/૨૦૨૦ના પત્રમાં જણાવ્યા અનુસાર (૧) માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ના પેટા વિભાગ નિયમ ૮(૧)નો " જ" અને " ઠ" ના પ્રમાણે મરનારની વિગતો આપવા જોગ નથી. (૨) હરીયાણા મેડીકો લિગલ ૨૦૧૨ પ્રમાણે પોંઈટ નં.૫૦.૧૧ના સંદર્ભ વાંચી તેમજ (૩) મોદિ ટેકસટ બુક ઓફ મેડીકલ જુરીસપ્રુડન્સ અને ટોકસીકોલોજીના સંદર્ભમાં અનઓથોરાઈસ પર્સનને પણ માહિતી આપી શકાય નહી. (૪) વધુમાં પોસ્ટ મોર્ટમ રીપોર્ટમાં માત્ર કોઝ ઓફ ડેડ સર્ટી લખવામાં આવતો નથી તેમાં મરનારની ઘણી અંગત વિગતો પણ હોય છે. એમ જણાવવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે, અરજદારને સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૪૦૫૯, તા.૨૧/૦૯/૨૦૨૦થી પત્ર પાઠવી અપીલના સમર્થનમાં તમારા રજુઆતના દાવામાં કોઈ આધાર પુરાવા જાહેર હિતમાં માહિતી જાહેર કરવા યોગ્ય છે તે અંગેના દસ્તાવેજી પુરાવા રજુ કર્યા નથી કે પોલીસ તપાસ ચાલતી નથી કે ચાલુ તપાસમાં આ દસ્તાવેજો જાહેર કરવામાં પોલીસ વિભાગને કોઈ વાંધો નથી તેવા કોઈ પુરાવા રજુ કરેલ નથી. જે અપીલ તબકકે જણાવવામાં આવેલ અને અરજદારના પોતાના મોબાઈલ નંબરના વોટસઅપ પર મોકલાવી જાણ કરવામાં આવેલ પરંતુ અરજદારે વોટસઅપ પર જણાવેલ છે કે, " આયોગમાં હું મારો પક્ષ રાખી શકું છું કંઈ વાંધો નહી તમારો નિર્ણય એ તમારો જ નિર્ણય છે તમારો પત્ર પોષ્ટ મારફત મળેલ નથી જે દિવસે પ્રાપ્ત થશે તે દિવસે જવાબ રજુ કરીશ. હું રાહ જોઉં છું. " જેના અનુસંધાને તેઓને વોટસઅપ પર પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ કે **આજના ડીજીટલ યુગમાં જયારે તમને ડીજીટલ કોપી મળેલ હોય ત્યારે તમારે ફીઝીકલ ડિલીવરીની રાહ જોવી જોઈએ નહી ન્યાયિક અને અર્ધન્યાયિક કાર્યવાહીમાં પણ ડીજીટલ પુરાવા નકલોને માન્ય ગણેલ છે. તેમ છતા જાહેર સત્તા મંડળ દ્વારા યોગ્ય નિકાલમાં વિલંબ કે કાળક્રમે આખરી નિકાલના કિસ્સામાં જવાબદારી જાહેર સત્તા મંડળની રહેશે નહી તેવુ જણાવવામાં આવેલ. તેમ છતાં તેઓએ અપીલના સમર્થનમાં વધુ કોઈ વિગતો રજુ કરેલ નથી.**

## <u>તારણ</u>

અરજદારને જાહેર માહિતી અધિકાર દ્વારા સમય મર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ છે. તેમજ અપીલ તબકકે અરજદારને સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૪૦૫૯, તા.૨૧/૦૯/૨૦૨૦થી પત્ર પાઠવી અપીલના સમર્થનમાં તેમની રજુઆતના દાવામાં કોઈ આધાર પુરાવા જાહેર હિતમાં માહિતી જાહેર કરવા યોગ્ય છે તે અંગેના દસ્તાવેજી પુરાવા રજુ કર્યા નથી કે પોલીસ તપાસ ચાલતી નથી કે ચાલુ તપાસમાં આ દસ્તાવેજો જાહેર કરવામાં પોલીસ વિભાગને કોઈ વાંધો નથી તેવા કોઈ પુરાવા રજુ કરેલ નથી. અરજદારના પોતાના મોબાઈલ નંબરના વોટસઅપ પર મોકલાવી જાણ કરવામાં આવેલ પરંતુ અરજદારે વોટસઅપ પર જણાવેલ છે કે, " આયોગમાં હું મારો પક્ષ રાખી શકું છું કંઈ વાંધો નહી તમારો નિર્ણય એ તમારો જ નિર્ણય છે તમારો પત્ર પોષ્ટ મારફત મળેલ નથી

જે દિવસે પ્રાપ્ત થશે તે દિવસે જવાબ રજુ કરીશ. હું પ્રતિક્ષા કરું છું " આમ અરજદાર પોતાનો બચાવ કરવામાં નિષ્ફળ ગયેલ છે.

## <u>હુકમ</u>

તારણોમાં નિર્દિષ્ટ અરજદાર પોતાના બચાવમાં પોતાના બચાવમાં અરજદારને સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૪૦૫૯, તા.૨૧/૦૯/૨૦૨૦થી પત્ર પાઠવી અપીલના સમર્થનમાં તમારા રજુઆતના દાવામાં કોઈ આધાર પુરાવા જાહેર હિતમાં માહિતી જાહેર કરવા યોગ્ય છે તે અંગેના દસ્તાવેજી પુરાવા રજુ કર્યા નથી કે પોલીસ તપાસ ચાલતી નથી કે ચાલુ તપાસમાં આ દસ્તાવેજો જાહેર કરવામાં પોલીસ વિભાગને કોઈ વાંધો નથી તેવા કોઈ પુરાવા રજુ કરી શકેલ નથી. તેમજ આજના ડીજીટલ યુગમાં જયારે તમને ડીજીટલ કોપી મળેલ હોય ત્યારે તમારે ફીઝીકલ ડિલીવરીની રાહ જોવી જોઈએ નહી. ન્યાયિક અને અર્ધન્યાયિક કાર્યવાહીમાં પણ ડીજીટલ દસ્તાવેજ તથા નકલો માન્ય ગણેલ છે. તેમ છતા જાહેર સત્તા મંડળ દ્વારા યોગ્ય નિકાલમાં વિલંબ કે કાળક્રમે આખરી નિકાલના કિસ્સામાં જવાબદારી જાહેર સત્તા મંડળની રહેશે નહી. તેવુ જણાવવામાં આવેલ છતાં તેમણે તેમના અપીલના સમર્થનમાં વધુ કોઈ વિગતો કે પુરાવા રજુ કરેલ ન હોય તારણમાં નિર્દિષ્ટ વિગતે જાહેર માહિતી અધિકારી અને અનુમાનીત જાહેર માહિતી અધિકારી તેમજ એચ.ઓ.ડી., ફોરેન્સીક વિભાગના P.M. ની અંગત માહિતી અધિકૃત વ્યકિત સિવાય અનય ઈસમને જાહેર નહી કરવાના મેડીકો લીગલ સંદર્ભ તથા મેડીકલ જુરીસપ્રુડન્સ સંદર્ભ અન્વયેના નિર્ણયને ગ્રાહ્ય રાખી અરજદારની અપીલ દફતરે કરી આખરી નિકાલ કરવામાં આવે છે.

આ હુકમથી નારાજગીના કિસ્સામાં અરજદાર દિન–૯૦ (નેવું) માં માહિતી આયોગ, ગુજરાત રાજય ગાંધીનગરને બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(એચ. એસ. ભાવસાર)
અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર
સ્મીમેર હોસ્પીટલ
સુરત મહાનગરપા

નં.સ્મીમેર/હોસ્પિ./આઉટ/
તા. /૦૯/૨૦૨૦

અપીલ અરજી નં.૨૦૨૦૩૦૦૦૨૩૬
તા.૦૮/૦૯/૨૦૨૦

અરજદાર :– શ્રી રાકેશ હીરપરા
સામાવાળા :–૧. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પીટલ)
૨. અનુમાનીત જાહેર માહિતી અધિકારી અને સીની.આર.એમ.ઓ.શ્રી

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :** આર.ટી.આઈ. એકટ હેઠળ કોમ્પ્યુટર આઈ.ડી.નં.(૩૦૦/૪૩૬૫૬), આઈ.ડી.નં.૧૨૨ શ્રી રાકેશ હીરપરા તા.૨૭/૦૭/૨૦૨૦ ની માહિતી માંગતી અરજી બાબતે પ્રથમ અપીલ.

**સંદર્ભ :** (૧) પ્રથમ અપીલ સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૩૭૬૫, તા.૧૪/૦૯/૨૦૨૦ અપીલ આઈ.ડી. નં. .૨૦૨૦૩૦૦૦૨૩૬, તા.૦૮/૦૯/૨૦૨૦

(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, સ્મીમેર પ્રતિ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પ્રથમશ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) મારફત તબદીલ પત્ર ક્રમાંક નં.સ્મીમેર/હોસ્પિ./ઈન/૨૭૧૨, તા.૩૧/૦૭/૨૦૨૦

(૩) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ નો અરજદારને પાઠવેલ જવાબ સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૩૨૨૯, તા.૨૭/૦૮/૨૦૨૦

(૪) અનુમાનિત જાહેર અધિકારી અને સીની.આર.એમ.ઓ.શ્રી નો રીપોર્ટ અત્રે સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૪૦૬૬, તા.૨૪/૦૯/૨૦૨૦

અરજદાર શ્રી રાકેશ હીરપરા દ્વારા તા.૦૮/૦૯/૨૦૨૦ના રોજ પ્રથમ અપીલ કરી તેઓની તા.૨૭/૦૭/૨૦૨૦ની મુળ અરજી બાબતે

**અરજદારે અરજીમાં જાહેર માહિતી અધિકારી દ્વારા મુદ્દા નં.૩ માં જણાવે છે કે " મુદ્દા નં.૩ની માહિતી ફકત સ્મીમેર તરફથી જ મળી છે અને એમાં પણ બાબતે એમ કહેવામાં આવ્યું છે કે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૧/૦૩/૨૦૨૦થી લઈને તા.૩૧/૦૭/૨૦૨૦ દરમ્યાન ઓકસીમીટર ખરીદવામાં આવ્યા નથી. "** એમ જણાવી અરજદારે પ્રથમ અપીલ કરેલ છે.

તેઓની સદર પ્રથમ અપીલ અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર તથા અનુમાનિત જાહેર અધિકારી અને સીની.આર.એમ.ઓ.શ્રી પાસે સ્મીમેર/આર.ટી.આઈ/અપીલ/આઉટ/નં.૪૧૬૬ , તા.૨૪/૦૯/૨૦૨૦થી પુર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ છે. **જે અન્વયે સીની.આર.એમ.ઓ.શ્રીને પત્ર પાઠવી માહિતી મંગાવવામાં આવેલ છે. જે અત્રે સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૩૨૮૦, તા.૨૪/૦૮/૨૦૨૦થી મળેલ છે. એમ જાહેર માહિતી અધિકારી પોતાના પુર્તતા અહેવાલમાં જણાવે છે.**

વધુમાં જણાવવાનું કે, અનુમાનિત જાહેર માહિતી અધિકારી અને સીની.આર.એમ.ઓ.શ્રી અહેવાલ મંગાવવામાં આવેલ છે. જે અત્રે સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૪૦૬૬, તા.૨૪/૦૯/૨૦૨૦થી મળેલ છે તેઓ જણાવે છે કે મુદ્દા નં.૩ બાબતે તા.૦૧/૦૩/૨૦૨૦થી તા.૩૧/૦૭/૨૦૨૦ દરમ્યાન ઓકસીમીટર ખરીદવામાં આવ્યા નથી તેમ

જણાવેલ તેમ છતા, અત્રેથી ખરીદવામાં આવેલ ટેબલ ટોપ પલ્સ ઓકસીમીટર તથા ફીંગર પલ્સ ઓકસીમીટરનાં વર્ક ઓર્ડરની નકલ અત્રે રજુ કરેલ છે.

## તારણ

